શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૭૫• તા. ૧૬ ઑગસ્ટ થી ૨૨ ઑગસ્ટ ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.



## શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન દ્વારા અદ્યતન ૨૪ રૂમ ધરાવતા નૂતન અતિથિગૃહ માટે સ્નેહમિલનનું સફળ આયોજન થયું




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

# અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ક્રોધ નામે દાનવ


ક્રોધએ નિર્બળ લોકોનું હથિયાર. સાહસ અને શૂરવીરતા સશક્ત લોકોનો સ્વભાવ છે અશક્ત લાચારને ગુસ્સો આવે. ગાળ ગલોચથી, વાણી પ્રહારથી પોતાની તાકત દર્શાવે પણ શાંત, શાણા અને સમજુ લોકો ધીર ગાંભર્યથી પોતાની બાજુ માંડે છે. તે વાતને સરળતાથી, સમજુતીથી અંત આવી જાય એ પ્રમાણે સામેવાળા સાથે વર્તે છે. નાનું બાળક વાતવાતમાં ગુસ્સે થાય, રિસાઈ જાય કારણકે તેને પોતે ધારેલી ચીજ વસ્તુ મળે એનો આગ્રહ હોય છે. જીદ હોય છે. રિસાઈને પોતાની વાતમાં દમ છે તેવો આગ્રહ હોય છે. માતપિતા સાથે કે વડીલો ભાઈ-બહેનો સાથે બોલવાનું ચાલવાનું બંધ કરી દે. ખાવા પીવાનો ત્યાગ કરી દે. આ જક, પોતાની વાત સામે વાળા માને એ માટે હોય છે. આ રૂસણું ક્યારેક જ કારગત નીવડે, હર વખતે આ વર્તન સામે અચૂક જીત ન મળે. રોતલ, જીદ્દીનું વિશેષણ મળે એ અલગ. બાળક નબળું હોય, નિર્દોષ હોય એ રિસાય એ ચાલે પણ મોટો થઈ આવી જીદે ચડે તો કેવો લાગે?

કેટલીક વખત ક્રોધ જરૂરી હોય છે. ઉગ્ર સ્વભાવ થઈ જાય છે. લાલચોળ થઈ મગજમાં અગનઝાળ વ્યાપી જાય એની આડ અસર મન અને શરીર પર થઈ જાય છે. ક્યારેક તબિયત ઉપર એની ગંભીર અસરથી હાર્ટ એટેક આવી જાય, બ્લડ પ્રેશર હાઈ થઈ જાય, બ્રેઈન સ્ટ્રોક આવે. આમ આગ ભભૂકતો રોષ પોતાની આડઅસર સ્વાસ્થ્ય પર મૂકી જાય છે. ક્રોધ માનવીને આંધળો કરી દે છે. મન મસ્તકને બધિર કરી દે છે. શરીરના બધા ગાત્રોને સ્થિર કરી દિવ્યાંગ હાલત કરી દે છે.

સાહિત્યક ભાષામાં ક્રોધને પુણ્ય પ્રકોપ કહેવામાં આવે છે. આમાં જવાળામુખી જેવી છાંટ વર્તાય છે. જે શરીરમાંથી ધગધગતો લાવા જાણે ફેંકે છે. ક્ષણિક આવેશ એ આપણું નુકશાન કરી જાય છે. જે મગજ શાંત થાય, આવેશના વમળ શાંત પડે પછી આપણને જાણ થાય છે. ગુસ્સો આપણને કંઈ આપતો નથી પણ ઘણું ઘણું આપણી હાથમાંથી છીનવી જાય છે. શારીરિક અને માનસિક સંતુલન, કૌટુંબિક કડવાશ સ્નેહીજનો વચ્ચેની સારપ, સુમેળતા અને સદ્ભાવની સરિતા નામ શેષ કરી દે છે. જોકે લાવા ઠરે એટલે પાછળથી પસ્તાવો થાય. જે નુકસાન થવાનું છે. એનો ખ્યાલ આવે ત્યારે જે વંટોળ આવ્યો હોય તે તો ચાલી જાય પણ પછી છોડી જાય માત્ર ખાના-ખરાબી.

અપરાધીઓ જેલમાં બંદીવાન બને છે એ પાછળનું મહતમ કારણ ક્ષણિક આવેગને કારણે જલદ પગલું લઈ લેવાય એ હોય છે. આપસી વેર ઝેર અને અણસમજને લીધે કરેલો પ્રહાર માનવીનું ભવિષ્ય રોળી દે છે. પોતાનો અને પરિવાર પર કલંકનો અમીટ ધબ્બો મૂકી દે છે. ક્રોધનું મૂળ આસક્તિ કે ઈચ્છા વાસના કે કામનામાં છે. જે સહેલાઈથી ન સંતોષાતા ક્રોધને લીધે મૂઢતા, સ્મૃતિભ્રંશ અને બુદ્ધિ જડતા થઈ જાય છે. દયાવાન દેવ જેવો ઈન્સાન દાનવ રૂપ ધારણકરી આખરે પોતાના પતનની ખાણમાં પોતાને ધકેલે છે. ક્રોધ દયાહીન, દેહવિણ દાનવ છે. એનો પ્રકોપ ભલભલાને ભૂ પીતા કરી દે છે. માટે ક્રોધ પહેલાં વાણી, વિચાર અને વર્તનને લગામ આપવી જોઈએ.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# ‘મા’ તે ‘મા’ બીજા વગડાના ‘વા’

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દેહમાંથી જે દેહનો જન્મ આપે, જીવમાંથી જીવ પેદા કરે ને જેમ દીવામાંથી દીવો પ્રગટાવે આ પુણ્ય માતાને ફાળે ભગવાને આપ્યો છે. અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપે. જેના નિ:સ્વાર્થ પ્રેમના લેખાંજોખાં ન થઈ શકે તે ‘મા’ છે. સ્વભાવથી દરેકના પિતા જુદા હોય છે પણ હૃદયની લાગણીથી તરબતર પ્રત્યેકની માતાની ભાવના એક જ પ્રકારની હોય છે. નવજાત બાળક માટે માતાનો અર્થ અને ભાવ એટલે ભગવાનનો. બાળક માટે મા એટલે સલામતી. ગર્ભમાંથી બાળક અવતરે એટલે તરત એને કપડાંમાં લપેટી લેવાય છે. કારણ કે એને એનાથી તેને માના ગર્ભાશયની હૂંફ મળે છે. બાળક થોડું મોટું થાય એટલે કપડાનો ગાભું લઈને ફરે છે. કારણે એમાં એને માતાની હૂંફ હરતાં ફરતાં મળે છે.

સંતાનની આસપાસ મા એક આબોહવા રૂપે કે વાતાવરણ તરીકે તેની સાથે વીંટળાયેલી હોય છે. રડવું હોય ત્યારે પિતા ખભો આપે પણ મા તેને પોતાનો પાલવ આપે, તેને ખોળો આપે. જુદી જુદી ભાષામાં મા ની ઓળખ ‘મ’ થી શરૂ થાય છે. ગુજરાતીમાં માતા, મા-માવડી, માવલડી, કચ્છી ભાષામાં માડી, મરાઠીમા માઉલી, ચાઈનીજી ભાષામાં મુચીન મામા, ઈંગ્લીંશમાં મધર, મમ્મી, મોમ, ફ્રેન્ચમાં માતર જ્યારે સંસ્કૃતમાં ગુજરાતી માતૃભાષામાં સૌથી નાનો પણ સૌથી સુંદર શબ્દ જો કોઈ છે તો એ છે ‘મા’. માતાનો પ્રેમ નવના અંક જેવો છે. નવના અંકને ગમે તેટલા વડે ગુણાકાર કરો તો જવાબની રકમનો સરવાળો હમેંશા નવ જ આવે. આમાં ક્યારે વધઘટ ન થાય માતાનો પ્રેમ પણ પૂર્ણાંક છે. માતા દ્વારા તેના સંતાનનું થતું સંવર્ધન, સંરક્ષણ અને પોષણ દરેક જીવ માટે ઉપકારક છે. દરેક સંકટ ટાણે માતા ગુરૂની જેમ ગરિમા જાળવી સંતાન માટે પથદર્શક બને છે.

મા ના ગુણગાન મહિમા ગાન મધર્સ ડે જે દર મે માસના બીજા રવિવારે મનાવાય છે તે દિવસે થાય એ હૃદયસ્પર્શી છે પરંતુ બાકીના ત્રણસો ચોસઠ દિવસ એને વ્યવહારમાં મૂકીએ તો એના પ્રેમનું સાચું વળતર વાળ્યું કહી શકાય.

મા કદી મરતી નથી તેની મમતા અમર છે. તે સદેહ ન હોય ત્યારે પણ તેનો વહાલ આબોહવાના કણ કણમાં સંતાન આસપાસ વીંટાળાયેલો હોય છે. મા શોકમાં આશ્વાસન, દુ:ખ અને દુર્બળતામાં આપણી આશા અને શક્તિ પુંજ ધાત્રા છે. તે પ્રેમ, કરૂણા, સહાનુભૂતિ અને ક્ષમાશીલતાનો અખૂટ ઝરો છે. સંતાનના ઘડતરમાં તે સંસ્કારનું નિરંતર સિંચન કરીને અવિસ્મરણીય ભાગ ભજવતી હોય છે. બાળકની એક મુસ્કાન માટે પોતાની અનેક ખુશીઓને ન્યોછાવર કરે છે.

માતા ત્યાગ, બલિદાનની મૂર્તિ, સૌજન્ય અને સંસ્કારની પ્રતિમા, પ્રેમ, સ્નેહ અને લાગણી ભાવની અખંડ સ્રોત છે. મા શબ્દ મમતાથી ભરેલો છે. માતા સાગર જેવી અગાધ ઊંડી છે, પણ તેના જેવી ખારાશવાળી નથી. માતા વાયુ જેવી ગતિશીલ પણ તેના જેવી અદ્રશ્ય નથી. માતા આકાશ જેટલી વિશાળ છે પણ કોઈ તેને આંબી શકે એટલી દૂર નથી. આમ માતા મહેરામણ અંબર અને વાયુ જેવી ગુણવાન હોવા છતાં હાથ પહોંચે એટલી સમીપ છે. માતૃ દેવો ભવ કહેવાયું છે તો પણ તે દેવ જેવી અદ્રશ્ય નથી, સાક્ષાત અને સન્મુખ છે.

## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન દ્વારા અદ્યતન ૨૪ રૂમ ધરાવતા નૂતન અતિથિગૃહ માટે સ્નેહમિલનનું સફળ આયોજન થયું



શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન દ્વારા સ્નેહ મિલન રવિવાર તા. ૨૨ જૂનના રોજ જૈનમ બૅન્કવેટ હોલ, ભાંડુપ, મુંબઇ મધ્યે ખૂબજ આનંદ અને ઉત્સાહથી ઉજવાયો.

કાર્યક્રમના પ્રમુખ સ્થાને શ્રી મહેન્દ્રભાઇ કરમચંદ વિકમશી-હુબલી તથા અતિથિ વિશેષ તરીકે શ્રીમતી ગીતીકાબેન જયેશ દામજી વિકમશી -ખામગામ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી.

કાર્યક્રમ દરમ્યાન લગભગ ૪૨૫ જણાની હાજરી રહી. સ્નેહ મિલન ના કન્વીનર શ્રી હેમાંગભાઇ મણીકાન્તભાઇ મોમાયા-હૈદરાબાદની દુરંદેશી ભરી રજૂઆત ઉત્તમ રહી. કાર્યક્રમના એન્કર તરીકે વરાડીયાની નિયાણી સૌ. દિવ્યાબેન હેનીલ લોડાયા-અજાણી તથા વરાડીયાવાસી શ્રી ભાવિન પંકજ મોમાયા એ લક્ષણીય કામગીરી બજાવી. સંગીતકાર શ્રી વેદાન્તભાઈ એ પણ પ્રસંગ અનુરૂપ ગીત-સંગીત પ્રસ્તુત કરીને સૌના મન જીતી લીધાં હતાં.

શ્રી વરાડીયા તીર્થે નિર્માણાધીન નુતન અતિથિ ગૃહને વિતીય ટેકો આપવા માટેનો સ્નેહ મિલન કાર્યક્રમનનો મુખ્ય ઉદ્દેશ હતો જે મહદઅંશે પાર પડયો.

શ્રી હેમાંગભાઇએ નિર્માણાધીન અતિથિ ગૃહનું એલ. ઇ.ડી. ઉપર વોક થ્રુ પ્રસ્તુત કરતાં જણાવ્યું કે આ અતિથિ ગૃહ આધુનિક સગવડતાઓ સાથેનો પંચતારાન્કિત હોટેલ જેવો હશે જેથી આપણી આજની યુવા પેઢીની આધુનિક રહેણીકરણીને અનુરૂપ હોવાથી તેઓ માદરે વતન તરફ આકર્ષિત થશે. આજુબાજુના ભાવિકો પણ પધારશે જેથી કચ્છમાં આવજાવ વધતા રોજગારીની તકો ઉભી થશે અને વસતીમાં વધારો થશે જે મહાજનની પ્રોપર્ટીની જાળવણી માટે પણ લાભદાયી થશે.

શ્રી હેમાંગભાઇની રસીલી રજૂઆતના પ્રતિસાદમાં દાતાશ્રીઓ એ દાનનો ધોધ વરસાવ્યો અને મહદઅંશે હેતુ સફળ થયો. હવે થોડીક જરૂરિયાત હજી બાકી છે તે પણ ટુંક સમયમાં પુરી થઇ જશે એવી આશા છે.

શ્રી વરાડીયા ગામની ક.દ.ઓ.નિયાણી બહેનો તથા વહુરાણીઓ દવારા સુંદર ફેશન શોનું આયોજન કરવામાં આવ્યો.

સ્નેહ મિલન સમિતિ ના સભ્યો એ ખૂબ જ જહેમત ઉઠાવી અને કાર્યક્રમને સફળ બનાવ્યો. યુવા ભાઇ બહેનોની રીલ ટીમે રીલ દ્વારા કાર્યક્રમ માટે ઉત્તેજના જગાવી. ઉપસ્થિત સર્વે દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે અતિથિ ગૃહના આર્કિટેક્ટ મે. મુન સિવિલ ઇન્જીનીયર્સના આર્કિટેક્ટ બંધુ પણ હાજર રહી વિસ્તૃત માહિતી આપેલ.

કાર્યક્રમ ખૂબ જ સફળ રહયો જે વરાડીયાવાસીઓના મન મંદિરમાં લાંબા સમય સુધી યાદ રહેશે.

# શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન દ્વારા અદ્યતન ૨૪ રૂમ ધરાવતા
# નૂતન અતિથિગૃહ માટે સ્નેહમિલનનું સફળ આયોજન થયું








શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન મહાજન : નૂતન અદ્યતન અતિથિગૃહના માનવંતા દાતાશ્રીઓની ટુંકમાં વિગત.

ભૂમિ દાતા : માતુશ્રી ખીયસરબાઈ જેઠાભાઈ જેવત દંડ પરિવાર, વરાડીયા. મુખ્ય દાતા : સ્વ.અ.સૌ. ભાનુમતીબહેન કરમચંદ આણંદજી વીકમશી પરિવાર, હુબલી.

''એ'' વિન્ગ ગ્રાઉન્ડ ફ્લોર ના દાતા : સ્વ. શા.લહેરચંદ રતનશી પાશવીર ડાઘા, ભાંડુપ.

''એ'' વિન્ગ ફર્સ્ટ ફ્લોરના દાતા : માતુશ્રી હીરબાઈ મેઘજી દેવશી મોમાયા, હૈદરાબાદ.

''બી'' વિંગ ગ્રાઉન્ડ ફ્લોરના દાતા : શ્રીમતી મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા (સાયન-માટુંગા) અને શ્રીમતી શીલાબેન ભરત હંસરાજ ડાઘા (મુલુંડ).

''બી'' વિંગ ફર્સ્ટ ફ્લોર ના દાતા : માતુશ્રી ચંપાબેન હંસરત પરબત ડાઘા-માટુંગા. ''સી'' વિંગ ગ્રાઉન્ડ ફ્લોરના દાતાઃ અ.સૌ. ચેતનાબેન શરદ હેમરાજ મોમાયા પરિવાર, હુબલી.

''સી'' વિંગ ફર્સ્ટ ફ્લોરના દાતા : અ. સૌ. ગુણવંતીબેન જયંતિલાલ લધાભાઈ મોમાયા-બેંગલોર.

સુ આયોજિત કમ્પાઉન્ડ લોનના દાતા : શ્રી મણીકાન્ત મેઘજી મોમાયા, હૈદરાબાદ.

લિફ્ટ દાતા : માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા-માટુંગા.

આકર્ષક સુશોભીત લોબી (સ્વાગત કક્ષ)ના દાતા : સ્વ. શ્રી હરીશ જયંતિલાલ લધાભાઈ મોમાયા (વાશી-બેંગલોર).



# શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન દ્વારા અદ્યતન ૨૪ રૂમ ધરાવતા

# નૂતન અતિથિગૃહ માટે સ્નેહમિલનનું સફળ આયોજન થયું





**ગ્રાઉન્ડ ફ્લોર**

**રૂમ નંબર ૧ :** સૌ. ધારિણી ભૂપેશ મોમાયા, મલાડ અને સૌ. ઉર્મિલા શૈલેષ મોમાયા, કાંદીવલી. **રૂમ નંબર ૨ :** માતુશ્રી માંકબાઈ ધનજી વિકમશી, અમદાવાદ. **રૂમ નંબર ૩ :** દાતા આવકાર્ય (નકરોઃ રૂ. ૭.૫૧ લાખ). **રૂમ નંબર ૪ :** દાતા આવકાર્ય (નકરોઃ રૂ. ૭.૫૧ લાખ). **રૂમ નંબર ૫ :** માતુશ્રી પુરબાઈ કુંવરજી જેઠાભાઇ દંડ, વરાડીયા. **રૂમ નંબર ૬ :** સ્વ.સૌ.મણીબાઈ વેલજી ડોસાભાઈ ડાઘા, વરાડીયા. **રૂમ નંબર ૭ :** માતુશ્રી ભાનુમતીબેન પ્રેમચંદ હંસરાજ ડાઘા, બેંગ્લોર-કુમઠા.**રૂમ નંબર ૮ :** સ્વ.જયેશભાઈ સરોજબેન દામજી આણંદજી વીકમશી પરિવાર, ખામગામ. **રૂમ નંબર ૯ :** માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ ભવાનજી મોમાયા, મુલુંડ. **રૂમ નંબર ૧૦ :** માતુશ્રી રાજબાઇ કેશવજી વેલજી મોમાયા પરિવાર, મુલુંડ. **રૂમ નંબર ૧૧ :** માતુશ્રી ગંગાબાઈ નરશી જેઠાભાઇ દંડ, મલકાપુર. **રૂમ નંબર ૧૨ :** સૌ. ભાવનાબેન અમિત મોમાયા, ભાંડુપ.



**ફર્સ્ટ ફ્લોર**

**રૂમ નંબર ૧૦૧ :** દાતા આવકાર્ય (નકરો રૂ. ૫.૦૦ લાખ). **રૂમ નંબર ૧૦૨ :** માતુશ્રી જયાબેન ચિમનલાલ મુલજી મોમાયા, ભાંડુપ તથા માતુશ્રી પ્રિયાબેન દેવેન્દ્ર રતિલાલ મોમાયા, ડોમ્બિવલી. **રૂમ નંબર ૧૦૩ :** માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી પરિવાર, મુલુંડ. **રૂમ નંબર ૧૦૪ :** સ્વ. શ્રી વિપુલભાઈ હીરાબેન નવીનચંદ્ર વિસનજી મોમાયા, મુલુંડ. **રૂમ નંબર ૧૦૫ :** માતુશ્રી જેતબાઈ વેલજી મૂલજી મોમાયા અને શા. પદમશી નરશી મોમાયા, મુંબઈ. **રૂમ નંબર ૧૦૬ :** માતુશ્રી હીરબાઈ રતનશી પાશ્વીર ડાઘા, વરાડીયા તથા મા. હીરબાઈ મેઘજી મોમાયા, નાહૂર. **રૂમ નંબર ૧૦૭ :** માતુશ્રી સોનબાઈ લાલજી વેલજી લોડાયા, વરાડીયા. **રૂમ નંબર ૧૦૮ :** ડૉ. સોમચંદ કાનજી ટોકરશી મોમાયા પરિવાર, વરાડિયા. **રૂમ નંબર ૧૦૯ :** શ્રી વરાડીયાની કે.ડી.ઓ.નિયાણી. **રૂમ નંબર ૧૧૦ :** માતુશ્રી મીઠીબાઈ સોમચંદ વિશનજી દંડ પરિવાર, મુલુંડ-કાંજુરમાર્ગ, **રૂમ નંબર ૧૧૧ :** માતુશ્રી કસ્તુરીબાઈ હંસરાજ પરબત લોડાયા, મુલુંડ. **રૂમ નંબર ૧૧૨ :** માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા, કોઠારા અને અ.સૌ. પ્રતીભા ભરત દંડ, વરાડીયા.

**સહયોગી દાતા :** ૧. માતુશ્રી વાલબાઈ શામજી મોમાયા, નાહૂર, ૨. સ્વ.દીપક રતનબાઈ રાઘવજી કાનજી મોમાયા, વરાડીયા, ૩. માતુશ્રી સુંદરબાઇ વસનજી આણંદજી મોમાયા, કોચીન, ૪. સ્વ. શ્રીમતી વિજયાબેન હરીશ ડાઘા, ભાંડુપ.

વધુ દાતાશ્રીઓ આવકાર્ય. (નકરો : રૂ. ૨.૫૧ લાખ)

# શ્રી ક.દ.ઓ.જૈન યુવા મંચ વડોદરના પ્રમુખ એડવોકેટ નીતિકા દંડનું પ્રથમ સફળ આયોજન હેલ્થ ચેકઅપ કેમ્પનું થયું











તા.૧૫ ઓગસ્ટ શુક્રવાર દેશની સ્વંતત્રાનો પવિત્ર પર્વ. આજના દિવસના અવસરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંચ વડોદરના પ્રમુખ એડવોકેટ નીતિકા દંડ દ્વારા પ્રથમ આયોજન વહેલી સવારે ૮ કલાકે ધ્વજવંદન કાર્યક્રમ થયો. સાથે સાથે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન રખાયું હતું.

કાર્યક્રમ આયોજન પહેલાં એવું લાગતું હતું કે માંડ ૨૫/૩૦ વ્યક્તિઓ આવશે. પણ ૧૩૮ ઉપરાંત વડોદરાવાસી વહેલી સવારથી અનેરા ઉત્સાહ સાથે હેલ્થ ચેકઅપ માટે સહભાગી થયાં હતા.

પ્રસંગને અનુરૂપ જલેબી ફાફડાની વ્યવસ્થા માતુશ્રી ગુણવંતીબેન માણેકજી લોડાયા સાંયરા પરિવાર તરફથી કરવામાં આવી હતી. નરેન્દ્રભાઈ મોમાયા તથા નંદિકા મુકેશ લોડાયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

# શ્રી ક.દ.ઓ.જૈન યુવા મંચ વડોદરના પ્રમુખ એડવોકેટ નીતિકા દંડનું પ્રથમ સફળ આયોજન હેલ્થ ચેકઅપ કેમ્પનું થયું

કેડીઓ જ્ઞાતિ સમાજના વડીલ કેશવજીભાઈ તરૂણભાઈ, લીલમભાઈ, યુવા કારોબારી ટ્રસ્ટી કેવલ વિક્રમશી (નેતાજી) તથા ભાયલી જૈન સંઘના સનતભાઈ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. બરોબર ૯ કલાકે હેલ્થ ચેકઅપ કેમ્પની શરૂઆત કરાઈ હતી. યુવા મંચ તરફથી ખૂબજ સરસ વ્યવસ્થા થઈ હોવાથી હેલ્થ ચેકઅપ કેમ્પમાં આવનાર પ્રત્યેક વડોદરાવાસીઓનું હેલ્થ ચેકઅપ બપોરે ૩ વાગ્યા સુધી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું હતું.

યુવા મંચના પ્રમુખશ્રી તથા કાર્યકર્તાઓને આ સેવાભાવી ઉપયોગી આયોજન માટે ખૂબ ખૂબ અભિનંદન. મેડિકલ ચેકઅપ માટે શ્રીમતી સેજલબેન ગોસર તથા અંકલેશ્વરથી આવેલા હેતલબેન સહિત સમગ્ર ૧૨ જણાની ટીમની ઘણી ઘણી અનુમોદના. સમગ્ર કાર્યક્રમ માટે કેડીઓના સ્ટાફનો પણ ખૂબ સરસ સહયોગ મળ્યો હતો. જેને લીધે આ આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.













# સંજીવની કેસ નં.૨૦૧ તથા ૨૦૨ માટે જરૂરી ભંડોળ રૂા.૨.૯૨ લાખ ગણત્રીના સમય દરમ્યાન જમા થઈ ગયા




વારાપધ્ધર હાલે ડોંબિવલીના ૩૫ વર્ષીય વિજેન્દ્ર કિશોર લાલકા હાયપર ટેન્સિવ એપિસ્ટેક્સિસ અર્થાત હાઈ બ્લડ પ્રેશર સાથે તેમના નાકમાંથી અચાનક રક્તસ્રાવ થયો. નાકમાંથી રક્તસ્રાવ લગાતાર ૧૨ કલાક સુધી ચાલુ રહ્યો. જેના કારણે તેમને ઈર્મજન્સીમાં હોસ્પિટલાઈઝ કરવા પડ્યા. દર્દી પોતે ૬૭ વર્ષીય વિધવા માતા, ગૃહિણી પત્ની અને ૪ વર્ષીય પુત્રી સાથે ભાડાના મકાનમાં રહે છે. થાણામાં ઘડિયાળની દુકાનમાં સર્વીસ કરે છે અને લઘુતમ પગાર પ્રાપ્ત કરી માંડ માંડ ગુજરાન ચલાવે છે.

મેડિક્લેમ પોલિસી મે ૨૦૨૫માં સમાપ્ત થઈ ગયેલ જે રિન્યુ કરી શકાતી નથી. જેથી ઈલાજ માટે અંદાજિત ખર્ચ રૂા.૭૨ હજારની મદદ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે સંજીવની કેસ અંતર્ગત અરજી રજૂ કરી. જેને અરજી નં.૨૦૧ ક્રમાંક આપી ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

આ સમયગાળામાં અન્ય એક કેસ મેડિકલ સમિતિ સમક્ષ મૂકાયો. જેને વિગત પ્રમાણે રંગપુર-ડોંબિવલીના ૬૫ વર્ષીય વિનોદ શિવજી ધરમશીને ડાબા પગના નીચેના ભાગે સોજા સાથે કાળાશ રંગ, જાંઘ પર ઘા હોવાથી ચાલવા તકલીફ થતી હતી. તેમને સર્જિકલ સારવારની જરૂરત હતી તથા ત્વચારોપણ કરી ઘાને દૂર કરવું જરૂરી હતું. તેઓ આ તકલીફને લીધે છેલ્લા બે મહિનાથી પીડિત હતા. તેઓ જામનગરની સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવી. પણ ઘાવ ન રૂઝાતા સેલ્યુલાઈટિસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે છતાં સુધારો થયો નહીં જેને કારણે બહેતર ઈલાજ મળે એ માટે મુંબઈ ખસેડવામાં આવ્યા.

જામનગરમાં દર્દી પત્ની, મોટા પૂત્ર, પુત્રવધૂ અને બે પૌત્રો સાથે રહે છે. પુત્ર ૧ મહિનાથી બેરોજગાર છે. આ અગાઉ લગ્નના હોલ પાટીદાર વાડીમાં કામ કરી લઘુતમ પગાર મેળવતો હતો. વિનોદભાઈ ધરમશીનો નાનો પુત્ર, પુત્રવધૂ અને પૌત્રી સાથે બદલાપુરમાં રહે છે અને ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે જોબ કરે છે.

# સંજીવની કેસ નં.૨૦૧ તથા ૨૦૨ માટે જરૂરી ભંડોળ રૂા.૨.૯૨ લાખ ગણત્રીના સમય દરમ્યાન જમા થઈ ગયા




પરિવારની કોઈ મેડિક્લેમ પોલિસી નથી અને નથી કોઈ બચત. આવી પરિસ્થિતિમાં સારવાર માટે અંદાજિત ખર્ચ રૂા.૨.૨૦ લાખ જમા કરવાની તાકીદ આવી પડી. તેથી મૂંઝવણમાં મૂકાયેલા ધરમશી પરિવારે જરૂરી રકમ મેળવવા માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી રજૂ કરી. જેના પ્રતિસાદ રૂપે ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું અને સંજીવની કેસ નં.૨૦૨ અપાયો.

જણાવતા હરખ થાય છે કે ઉપરોક્ત બંન્ને સંજીવની અરજી નં.૨૦૧ માટે રૂા.૭૨ હજાર અને અરજી ક્રમાંક ૨૦૨ માટે રૂા.૨.૨૦ લાખ મળી કુલ્લ રૂા.૨.૯૨ લાખ ક્રાઉડ ફંડિગ શરૂ કરતાની સાથે ગણતરીના સમય દરમ્યાન જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું.

ગત સપ્તાહે મેડિકલ સમિતિની જ્ઞાતિજનોને ઉપયોગી એવી સંજીવની યોજના દ્વારા મદદ કરી શક્યા છીએ એવી સફળ બસો અરજીઓ અને આ સપ્તાહે વધુ બે અરજીઓ માટે ઉદાર દિલ દાતાઓ, મહાજનો, મંડળ, ટ્રસ્ટો એકમો એ માનવતા ધર્મને કાયમ રાખી સમસ્ત મહાજન અને મેડિકલ સમિતિને યશ નામી બનાવી છે પણ ખરો યશ જ્ઞાતિના વ્યક્તિગત દાતાઓ, શ્રેષ્ઠીઓ, મહાજન ટ્રસ્ટ મંડળ એકમના વિચારવંત વડીલ મોભીજનોને છે. જેમના આત્મીય સાથથી જ સંજીવની યોજના સફળતાના ઝંડા લહેરાવ્યા છે. સૌની ખૂબ ખૂબ અનુમોદના, ભાવ વંદના.

# Anumodana

## Sanjivani Case - 197

**Name:Mrs. Manjulaben Ratilal Mota** **Age : 83 Yrs.** **Village: Kothara - Bhandup**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shree KDO Jain Gnati Mahajan, Kothara | 11,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| **Individual Donors** | |
| Shri Raichand Malshi Mota - Kuvapadhar - Salem | 10,080.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shree KDO Mota Parivaar Amba Maa Trust, Tera | 10,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Dubai | 5,000.00 |
| Shri Dhirish Javerchand Dharamsey, Kothara - Bijapur | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shri Dhawal Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shri Devansh Pomesh Momaya, Sayera - Ghatkopar | 2,500.00 |
| Shri Nilesh Karamsey Vikamsey, Jakhau - Sion | 2,000.00 |
| Shri Deepak K. Dharamshi | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivaar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Deolali | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Bhavesh Nayan Shah, Ahmedabad | 1,000.00 |
| Shri Jayesh C. Nagda, Khamgam | 1,000.00 |
| Shri Paresh D. Shah,Suthari - Bangalore | 501.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadia - Malkapur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીની ૪૯મી વર્ષગાંઠના અવસરે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ એ મહાકાલી માતાજીની ભાવનાની રમઝટ જમાવી



શુક્રવાર તા.૧૫ ઓગસ્ટના દિવસે શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીની ૪૯મી વર્ષગાંઠના અવસરે અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના યોજાઈ. જે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ ભાવના ભણાવેલ. ભક્તિ ભાવના મધુર સ્વર, સરસ તાલ-રાગ અને ભાવ ભર્યા સ્તવનનો રસ ભાવ સૌના હૃદયને આનંદથી ભરી દીધા. ભાવનાના ગાનમાં શ્રદ્ધા તાલમેલ અને પ્રેમ એવો હતો કે સાંભળતા સાંભળતા મનને એવું થતું હતું કે આ સ્વરયાત્રા હજી અવિરત આગળ ચાલતી રહે તો કેટલું સુંદર થાય.

આ ભક્તિ ભર્યો મેળાવડો માત્ર સંગીત નહીં પણ આપણા મંડળો વચ્ચેના સ્નેહગાંઠ અને મિત્રતાના અમૂલ્ય બંધનને વધુગાઢ બનાવે છે.

શ્રી મહાકાલી માતાજીના આશીર્વાદથી આ સ્નેહ સેતુ વર્ષોથી વર્ષો સુધી અખંડિત રહે અને આવી પાવન ભાવનાઓમાં ફરી સાથે મળવાનું અને ધર્મલાભનું સૌભાગ્ય મળે એવી સૌની પ્રાર્થના. શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપનો શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી તરફથી હૃદયપૂર્વક આભાર અને ભક્તિ સેવા, સમર્પણ અને મધુર સ્વરથી ધર્મ મેળાવડો રચયો તે માટે અભિનંદન.



# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ શુક્રવાર, તા. ૧૫મી ઓગસ્ટ 'સ્વતંત્રતા દિવસ'ના શુભ અવસરે શ્રી કુંથુનાથ જિનાલય પરિસરના આંગણે સવારે ૧૦ વાગે મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાના હસ્તે, વડીલો, જ્ઞાતિજનોના બાળકો સાથે ધ્વજારોહણ કરવામાં આવેલ. સાથે રાષ્ટ્રગાન 'જન ગણ મન'ના ગાન બાદ ૭૯ મા સ્વતંત્રતા દિવસના શુભેચ્છા પાઠવેલ. સ્વલ્પાહાર અને સેવબુંદીનું પ્રસાદ વિતરણ કરવામાં આવેલ.

પ.પૂ.મુનિરાજ શ્રી જયપાલ વિજયજી મ.સા., મુનિરાજ શ્રી પ્રિયદર્શી વિજયજી મ.સા., મુનિરાજ શ્રી તીર્થપ્રેમ વિજયજી મ.સા. સાધ્વી શ્રી અક્ષયનિધિ શ્રી મ.સા.ના સાનિધ્યમાં, રાયપુરના શ્રી વિમલનાથ જૈન મંદિર, ભૈરવ સોસાયટી મા ચાર્તુમાસ ૨૦૨૫ મા શતાધિક સામૂહિક શ્રી શંત્રુજય-મૃત્યુંજય તપનો પારણોત્સવમાં તપસ્યા કરનાર શ્રી ભૂપેન્દ્ર ગોંવિદજી મોમાયા, સૌ.મૃદુલાબેન મોમાયા, સૌ.ભાવનાબેન કીર્તિભાઈ પોલડીયા, સૌ.પૂજાબેન હિતેશભાઈ મોમાયા, સૌ. નિધિબેન જિનેશભાઈ ખોના, ચિ.પલક ચેતનભાઈ છેડા અને જિનાલયના સ્ટાફ સૌ.મંજૂબેન અજયકુમાર યાદવ એ પણ શ્રી શંત્રુજ્ય તપ કરેલ છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા શ્રી વિમલનાથ જિનાલય અંતરજાળ મધ્યે શુધ્ધિકરણ કાર્ય કરાયું



તા.૧૦ ઓગસ્ટ રવિવારના રોજે પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ બૃહદ ગાંધીધામ વિસ્તાર (સાર્થક મંડળ) દ્વારા શ્રી વિમલનાથ જિનાલય અંતરજાળ મધ્યે શુધ્ધિકરણનું કાર્ય કરવામાં આવેલ. આ ધર્મ સેવાકાર્યમાં ભાવીન ગોસર, રાજ નાગડા, સંદિપ લાલકા, મયૂર ઘ્રોળ, રાહુલ લોડાયા, અમિત મોતા, હિતેન છેડા, હાર્દિક નાગડા, સિધ્ધ નાગડા, અમિત નાગડા, દ્વિપેન લોડાયા, હેમ લોડાયા, મનિષ ખોના, મિખીર ખોના, વિપુલ મૈશેરી, સાગર લોડાયા, વિરાજ મૈશેરી અને અનિષ લોડાયા એ સહભાગ લીધો હતો. દેરાસરના પૂજારી વિજયભાઈનું બહુમાન ભાવીન ગોસર, રાજ નાગડા અને મયૂર ઘ્રોળ દ્વારા કરવામાં આવેલ.

માતુશ્રી હેમલતાબેન ચંદ્રકાંત નાગડા દ્વારા મોતીચૂર લાડુ અને માતુશ્રી રમિલાબેન સૂર્યકાન્ત છેડા દ્વારા રૂા.૨૦ની પ્રભાવના કરવામાં આવેલ હતી.

---

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નાસિક સંઘના ઉપક્રમે અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવના ચડાવા માટેની તારીખ નિર્ધારીત થઈ

ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની તારક નિશ્રામાં શ્રી ક.દ. ઓ.જૈન જ્ઞાતિ મહાજન નાસિક સંઘના ઉપક્રમે શાસનના પ્રબળ પુણ્યોદયે તેમજ પૂર્વજોના પુરૂષાર્થ બળે નાશિકની પુણ્ય પાવન ભૂમિ ધરાતલ પર પરમ પિતા શ્રી સિમંધર સ્વામીનો અતિ સુંદર જિનાલય તેમજ આધુનિક સુવિધાઓથી સુસજ્જ ચાર મજલીય સંકુલનું નિર્માણ થયું છે.

શ્રી સિમંધર સ્વામી જિનાલયમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠાની શુભ ઘડીનું એલાન પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. દ્વારા કરવામાં આવ્યું. તે પ્રમાણે બુધવાર તા.૨૬ નવે. ૨૦૨૫ના અંજનશલાકા તેમજ ગુરૂવાર તા.૨૭ નવેમ્બર ૨૦૨૫ ના દિને પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રસંગ થશે. અંજન શલાકા તેમજ પ્રતિષ્ઠાના ચડાવા તા.૭ સપ્ટેમ્બર રવિવારના દિવસે પુણ્યશ્લોકી શેઠ શ્રી રાજેશભાઈ દામજી પોલડિયા સંકુલ પંચવટી નાશિકના આંગણે લેવામાં આવશે. જ્ઞાતિના મહાનુભાવોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ નાસિક સંઘ તરફથી અપાયું છે. તારીખ વાર નોંધીને એ દિવસ નાશિક સંઘ માટે ફ્રી રાખજો. અન્ય વિશેષ સંપૂર્ણ માહિતી વહેલી તકે સંઘ દ્વારા જણાવાશે.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ, ડોમ્બિવલી આયોજિત શ્રી મહાકાળી માતાજી ની ભાવના: હોરાઈઝન હોલ, ડોમ્બિવલી. |
| ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન તથા આ વર્ષે નવી શૈક્ષણિક પદવી (ડીગ્રી) ઉપલબ્ધ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન હોરીઝોન હોલ, ડોમ્બિવલી. મો.નં. ૯૩૨૧૫૫૬૧૯૪ |
| ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાશિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત પ્રથમ સ્નેહમિલન દેવલાલી. |
| ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચૈત્ય પરિપાટી મહારાષ્ટ્ર-ગુજરાતના ૯ તીર્થ. |
| ૧૯ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત ચૈત્ય પરિપાટી-ઉત્તર ગુજરાતના તીર્થ. મો.નં. ૯૮૩૩૧૪૬૦૪૭ |
| ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજિત સાર્થક એકેડમીક એક્સીલન્સ એવોર્ડ ૨૦૨૫ સ્થળ: શ્રી અંબેમાતા હોલ, સેક્ટર ૪, ઓસ્લો. |
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**ગુલાબભાઈ મૈશેરી**
તા.૧૦ ઓગસ્ટ (ઉ.૬૪)
મોટી સિંધોડી-મુન્દ્રા



**હિતેનભાઈ છેડા**
તા.૧૦ ઓગસ્ટ (ઉ.૪૭)
સુથરી-મુલુંડ



**પુરબાઈ દંડ**
તા.૧૧ ઓગસ્ટ (ઉ.૧૦૫)
વરાડીયા-ભાટાપાર




**ઝવેરચંદભાઈ દંડ**
તા.૧૧ ઓગસ્ટ (ઉ.૭૬)
મંજલ-ઘાટકોપર




**પ્રવીણભાઈ લોડાયા**
તા.૧૧ ઓગસ્ટ (ઉ.૫૮)
નલિયા-હૈદરાબાદ



**રાજુલાબેન પોલડીયા**
તા.૧૧ ઓગસ્ટ (ઉ.૫૭)
ગોએરસમા-જલગામ



**દામજીભાઈ હેફા**
તા.૧૨ ઓગસ્ટ (ઉ.૮૭)
સુથરી-અગાસ



**પ્રમિલાબેન ખોના**
તા.૧૩ ઓગસ્ટ (ઉ.૯૩)
નલિયા-અમેરિકા



**ભાનુબેન ધુલ્લા**
તા.૧૪ ઓગસ્ટ (ઉ.૭૧)
સેવક ભરૂડીયા-ડોંબિવલી




**નવીનચંદ્ર લોડાયા**
તા.૧૬ ઓગસ્ટ (ઉ.૭૭)
મોટી ખાવડી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● ગુજરાત સરકારના લલિત કલા અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માટે કચ્છના જાણીતા ચિત્રકાર બિપિન સોનીને તથા વર્ષ ૨૦૨૧-૨૨ માટે જાણીતા તસવીરકાર અરવિંદ નાથાણીને પોતાની કલાક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા દર્શાવવા બદલ ગૌરવ પુરસ્કાર જાહેર કરાયો છે. ગૌરવ પુરસ્કાર અંતર્ગત પ્રત્યેકને રૂા.૫૧ હજાર રોકડા માનધન અને પ્રમાણ પત્ર એનાયત થશે. બિપિન સોનીને બે વાર લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળી ચૂક્યું છે. જ્યારે તસવીકાર અને કટાર લેખક અરવિંદ નાથાણી કચ્છના ગ્રામ્ય જીવન અને કચ્છની શિલ્પ સ્થાપત્યની તસવીર માટે વિશ્વભરમાં જાણીતા છે.

● ભુજના બે વડીલ મિત્ર જિતેન્દ્ર પરમાર અને દીપક ગોસ્વામીએ સ્કંદપુરાણમાં જેનો ઉલ્લેખ કરાયો છે એ ૩૨૦૦ કિ.મી.ની નર્મદા પરિક્રમા યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ બન્ને મિત્રો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યમાંથી પસાર થઈને મનોરથ ધાર્યો હતો. તેને પરિપૂર્ણ કર્યો હતો. સમગ્ર વિશ્વમાં એક માત્ર નર્મદા નદીની જ પરિક્રમા કરવામાં આવે છે. પુરાણોમાં ઉલ્લેખ કરાયો છે કે ગંગામાં સ્નાન કરવાથી, યમુનામાં પાન કરવાથી, જ્યારે નર્મદા નદીના તો દર્શન કરવા માત્રથી મુક્તિ મળે છે. આ પરિક્રમા યાત્રા દરમ્યાન જંગલ અને પર્વતમાંથી પસાર થવું પડે છે.

● કચ્છની પરંપરાગત લોકવાદ્ય સંગીતની પરંપરા અને લોકકલાના ઉત્થાન અને લુપ્ત થતી બચાવવા છેલ્લાં ૪૫ વર્ષથી કાર્ય કરતા ભુજના મોર ચંગ વાદક ઉમેશ જડિયાને ગુજરાત રાજ્ય લોકકલા ફાઉન્ડે દ્વારા રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરાયો. કચ્છની પરંપરાગત લોકસંગીતની સાંસ્કૃતિક પરંપરાને વિશ્વના ફલક પર પ્રચાર અને પ્રસારિત કરવા માટે ઉમેશ જડિયાએ અનેક ઓડિયો વીડિયો, સીડી, દસ્તાવેજ ફિલ્મ બનાવતી સંસ્થાઓ અને ચેનલો સાથે કામ કરીને કચ્છની પરંપરાગત લોક વાદ્યની સાંસ્કૃતિક વિરાસતને સ્થાન આપવાનું ઉમદા કાર્ય કરેલું છે.

● મુખ્યત્વે ખેતી આધારિત અબડાસા તાલુકામાં કપાસનું વાવેતર શરૂ થયું છે. અત્રેના કોઠારા, નલિયા, વાંકુ, વાડાપધ્ધર, સિંધોડી, લાલા, પરજાઉ, સાંધવ, ભાચુંડા, રવા, બિટીયારી, ખુસડા, સાંધણ, ડુમરા સહિતના ગામોમાં આ વાવેતર કાર્ય આરંભાયું છે. ચાલુ વર્ષે દરમ્યાન ગત વર્ષ કરતાં આ વર્ષે ૨૨ ટકા જેટલો વાવેતરમાં ઘટાડો થશે. એવું જણાયું છે. હાલમાં મજૂરની સમસ્યા પણ સતાવી રહી છે.

● અબડાસા તાલુકાનું જખૌ બંદર ૧૮ બંદર પૈકી માછીમારી માટે વધુ મહત્વ ધરાવે છે. પાંચ હજાર કરોડનું ટર્ન ઓવર ધરાવતા જખૌ બંદર મોસમ બંધ થતા બોટને કિનારે રાખી પરિવારો પોતાના વતન તરફ ઉચાળા ભરી જતાં સમગ્ર વિસ્તાર સુમસામ થઈ ગયો છે અને ૧૨૦૦ બોટ છે. એક બોટમાં સાત જણ અને તેના પરિવાર સહિત ગણીએ તો ૧૦ માસ ૧૭ હજાર જેટલા સભ્ય અહીં રહે છે.

● દેશી પ્રજાતિની ગાય પોતાની ગુમાવેલી ઓળખ ફરી પ્રાપ્ત કરે અને તેની મહત્વતા સમાજમાં પ્રસ્થાપિત થાય તે માટે ભુજ તાલુકાના લેર (હનુમાનજી) ખાતે ત્રિદિવસીય ગૌસેવા સંગમનું આયોજન કરાયું હતું. સાથોસાથ ઉપેક્ષિત એવા નંદીઓના આશ્રય માટે નારાયણ નંદી શાળાનું ઉદ્‌ઘાટન કરાયું. આવી નંદી શાળાઓ કચ્છમાં ગામેગામ શરૂ થાય તે માટેની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. કચ્છના જે ગામ નંદી શાળા શરૂ કરવા તૈયારી બતાવશે તેમને ગોરસિયા સેવા ફાઉન્ડેશન બળદિયા અને ગિરધરભાઈ પિંડોરિયા માધાપર તરફથી રૂા.૩ લાખની આર્થિક સહાય તેમજ માર્ગદર્શન આપવાનું જાહેર કરાયું. અત્યાર સુધી પાંચ ગામોએ નંદી શાળા શરૂ કરવા તૈયારી બતાવી છે.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

720 Days

FIXED DEPOSIT

RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

★ STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank